| ELECTION IMMEDIATE | OFFICE OF THE<br>DISTRICT ELECTION OFFICER<br>AND COLLECTOR, NARMADA. | NO VOTER TO BE LEFT BEHIND |
|---|---|---|

ELECTION BRANCH, FIRST FLOOR, JILLA SEVA SADAN, NARMADA.
PHONE: (02640) - 223734, 224149. FAX: (02640) – 223734, E-MAIL: dydeo.nar@gmail.com

**ક્રમાંક/ચૂંટણી/વશી/૨૨૯૬ થી ૨૨૯૭/૨૦૧૭** **તા.૨૧/૦૭/૨૦૧૭**

**વિષયઃ– વિધાનસભા સામાન્ય ચૂંટણી–૨૦૧૭**
**ઈવીએમ તથા વીવીપીએટી અન્ય રાજયમાંથી મેળવવા માટે પરીવહન કરવા બાબત**

**વંચાણે લીધાઃ–**

(૧) સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના તા.૦૧/૦૭/૨૦૧૭ ના પત્રના ઈવીએમ/૧૦૨૦૧૭

(૨) આ કચેરીના તા.૦૪/૦૭/૨૦૧૭ ના પત્રનાં ઈલેક/ઈવીએમ અને વીવીપીએટ/ ૨૦૧૭ તથા તે અન્વયે તા.૦૬/૦૭/૨૦૧૭ ના રોજ દૈનિક વર્તમાનપત્ર "સંદેશ" માં પ્રસિદ્ધ થયેલ ટુંકી મુદ્દતની નિવિદા

(૩) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના તા.૧૦/૦૭/૨૦૧૭ના પત્રનાં ઈએલસી/૫૯૧૬/૨૯૭૪/છ

(૪) આસુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લી. તરફથી તા.૧૫/૦૭/૨૦૧૭ ના રોજ આપેલ સંમતિપત્ર મુજબ.

(૫) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના તા.૨૦/૦૭/૨૦૧૭ ના પત્ર નં–ઇએલસી–૫૯૧૬/૨૯૭૪–છ

(૬) અત્રેની કચેરીના હુકમ નં–ચુંટણી/વશી/૨૨૦૧ થી ૨૨૦૨/૧૭ તા.૧૫/૦૭/૨૦૧૭

**સુધારા હુકમઃ–**

ગુજરાત રાજયની વિધાનસભાની આગામી ચૂંટણીઓ ધ્યાને લઈને ભારતના ચૂંટણી પંચ દ્વારા અન્ય રાજય તથા ઈવીએમ બનાવતી કું.માંથી ઈવીએમ તથા વીવીપીએટી ફાળવવાના હુકમો કરેલ છે. જેની જાણ વંચાણે લીધા–૧ ના પત્રથી મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરે આ કચેરીને કરેલ છે. ભારતના ચૂંટણી પંચની સુચનાઓ અનુસાર ઈવીએમ મશીનની હેરફેર બંધ બોડીના ટ્રક્સ મારફતે જ કરવાની રહે છે. તેમજ આ પ્રકારના વાહનોને જીપીએસ સીસ્ટમ લગાવવાની પણ સુચના આપવામાં આવેલ છે. મશીનોના હેરફેરની સમગ્ર પ્રક્રીયા તા.૩૧/૦૭/૨૦૧૭ પહેલા પુર્ણ કરવાની પણ સુચના થઈ આવેલ છે. વંચાણે લીધા–૧ ના પત્ર મુજબ અન્ય રાજયના જીલ્લામાંથી લાવવાના ઈવીએમ/વીવીપીએટીના પરીવહન માટેની એજન્સી અત્રેની કક્ષાએથી નાણાંકીય નિયમોની મર્યાદા તથા તેમાંની સુચનાઓ ધ્યાને લઈને જરૂરી કાર્યવાહી તા.૧૨/૦૭/૨૦૧૭ સુધીમાં પુર્ણ કરવા જણાવવામાં આવેલ છે. જેના અનુસંધાને અત્રેથી વંચાણે લીધા–૨ થી ટુંકી મુદ્દતની જાહેર નિવિદા બહાર પાડવામાં આવેલ.

વંચાણ લીધા-૩ ના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગાંધીનગરના પત્રથી આ જિલ્લાને ઉત્તરપ્રદેશ રાજયના જોનપુર જિલ્લામાંથી ૯૩૦-બીયુ **(BU-930)** અને ૫૦૯-સીયુ **(CU-509)** ફાળવવામાં આવેલ છે. જે ઈવીએમ તાત્કાલિક મેળવી લેવા સુચના આપવામાં આવેલ હતી.

જે અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રી, છોટાઉદેપુર દ્વારા પ્રોપાઇટરશ્રી આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લી. આસામના ભાવ પ્રતિ કિ.મી. રૂા.૬૫/- (યુપી સ્ટેટના અન્ય જિલ્લામાંથી પરિવહન કરવાનો) તથા લોડીંગ/અનલોડીંગનો ચાર્જ રૂા.૧૧૦૦૦/- મંજુર કરેલ છે. વધુમાં તેઓએ અગાઉ ઉત્તરપ્રદેશ રાજયની વિધાનસભાની ચૂંટણીમાં પણ કામગીરી કરેલ હોય તથા જીપીએસ સીસ્ટમવાળા વાહનનો ઉપયોગ કરેલ અનુભવી પાર્ટી હોવાથી તથા અત્રેના જિલ્લાના ઈવીએમ ઉત્તરપ્રદેશ રાજયના અન્ય જીલ્લા માંથી લાવવા માટે છોટાઉદેપુર જિલ્લાના મંજુર થયેલ ભાવો મુજબ કામગીરી કરવા માટે વંચાણે લીધેલ-૪ના પત્રથી સંમતિ આપેલ છે.

વંચાણે લીધા-૫થી અગાઉના તા.૧૦/૦૭/૨૦૧૭ના પત્રથી ઉત્તરપ્રદેશ રાજયના જોનપુર જિલ્લામાંથી ૯૩૦-બીયુ **(BU-930)** અને ૫૦૯-સીયુ **(CU-509)** ફાળવવામાં આવેલ તે રદ કરવામાં આવે છે. અને તેની જગ્યાએ ઉત્તરપ્રદેશ રાજયના આગ્રા જિલ્લામાંથી ૯૫૦-બીયુ **(BU-950)** અને ૮૦૦ સીયુ **(CU-800)** આ જિલ્લાને ફાળવવામાં આવેલ છે. જે ઈવીએમ તાત્કાલિક મેળવી લેવા સુચના આપવામાં આવેલ છે.

સરકારશ્રીની નાણાંકીય નિયમો અન્વયે કરકસરની નિતી ને ધ્યાને લઈ, સમગ્રપણે અત્રેને યોગ્ય જણાતા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી તરફથી પરિવહન અંગેની કામગીરી નિયત સમયમાં પુર્ણ કરવાની હોય, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, છોટાઉદેપુરે મંજુર કરેલા ભાવો મુજબ આ જિલ્લાની ઈવીએમ મશીનો પરિવહન કરવાની કામગીરી આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લી. આસામ નીચે જણાવેલ શરતોને આધિન સુધારા હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ-**

**(૧)** વાહન નેશનલ પરમિટ ધરાવતુ હોવું જોઈએ તથા વાહન અને તેમાં રહેલ માલસામાનનું પણ સંપુર્ણ વિમાનું કવરેજ હોવું જોઈએ તથા ડ્રાઈવર પાસે નિયમોનુસારનું લાયસન્સ હોવું જોઈએ.

**(૨)** જે રાજયમાં કહેવામાં આવે તે રાજયમાં વાહન પુરુ પાડવાનુ રહેશે. અને તેના વાહનની સંખ્યા સબંધીત વાહન પુરુ પાડનારના પ્રતિનિધિએ ત્યાં રૂબરૂ મુલાકાત લઈ આકારણી કરીને વ્યવસ્થા કરવાની રહેશે.

**(૩)** વાહનના ભાવમાં અન્ય તમામ કરવેરાનો તથા ડ્રાઈવર તથા કલીનરનો સમાવેશ થયેલો ગણાશે. એટલે કે કોઈ પણ સ્થળ ઉપર ભરવા પડતા વેરા, દંડ, ટેક્ષની રકમ અલગથી આકારવાની રહેશે નહી. તેમજ વાહનમાં ઉભી થતી યાંત્રીક ખામી અંગેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે તથા તેની વૈકલ્પિક વ્યવસ્થા સદર નિયમોને આધિન તાત્કાલિક કરી આપવાની રહેશે. વાહનનો વીમો ભરેલો હોવો જોઇએ તથા કોઇ આકસ્મીક બનાવ બને તો નુકશાનની તમામ જવાબદારી સબંધીત કોન્ટ્રાકટરની રહેશે.

**(૪)** EVM લેવા માટે અત્રેથી નિમણુંક પામેલા અધિકારીના નિયંત્રણ હેઠળ જ આ વાહનોએ મુવમેન્ટ કરવાની રહેશે. એટલે કે સબંધિત અધિકારી કે અધિકારીના વાહન તે વાહન કે વાહનોની સાથે જ રહેશે. ડ્રાઈવર પોતાની મરજી મુજબ કે મનસુફીનો રૂટ નક્કી કરીને ચાલી શકશે નહી.

(૫) વાહનના ડ્રાઈવર તથા કલીનરનો સંપુર્ણ ખર્ચ કોન્ટ્રાકટ લેનારે ભોગવવાનો રહેશે. એટલે કે સાથે આવતા અધિકારી કે કર્મચારીએ ડ્રાઈવરો અને કલીનરોના રહેવા જમવાની વ્યવસ્થા જોવાની રહેશે નહી કે તે બાબતે ચુકવણુ કરવાનું રહેશે નહી.

(૬) તમામ વાહનો ઉપર GPS લગાવવાના રહેશે.

(૭) બંધ બોડીના ટ્રકને દરવાજા હોવા જરૂરી છે. એટલે કે તેનું સીલીંગ થઈ શકે તેવા પ્રકારના દરવાજા વાળા વાહનો પુરા પાડવાના રહેશે.

(૮) BU અને CU એ અલગ અલગ પેટીમાં રાખવામાં આવશે. જે એક પેટીમાં ૧૦ (દશ) BU રહેશે તે પેટીનું માપ આશરે ૪૨"×૨૫"×૧૭" રહેશે અને જે એક પેટીમાં ૧૦(દશ) CU રહેશે તે પેટીનું માપ આશરે ૩૩.૫"×૨૪"×૧૭" રહેશે જે મુજબ ૩૨ ફુટ લાંબુ તમામ બાજુથી બંધ બોડીના વાહનોની વ્યવસ્થા કરવાની રહેશે. સરકારશ્રી માથી ગ્રાંટની ફાળાવણી થયેથી બીલની ચુકવણી અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

(૯) EVMs ની સુરક્ષાની બાબત ધ્યાને લઈ વાહન ફાળવવાનુ રહેશે. ઉપરોકત બાબતે કોઇ તકરાર કે કોર્ટ કેસ થાય તો તે અંગેનું ન્યાય ક્ષેત્ર ડીસ્ટ્રીકટ કોર્ટ જીલ્લો નર્મદા રહેશે.

તા. ૨૧/૦૭/૨૦૧૭

District Election Officer & Collector
Narmada (Rajpipla)

**જિલ્લા ચૂંટણી અધિકારી**
**અને**
**કલેકટર, નર્મદા–રાજપીપલા**

**To,**
**Mr.Sujit Singh**
**Aashu Logistics & Packaging Pavt.Ltd**
**H.No.6, Jayanagar Road, Near Food. Com Six Mile,**
**Guwahati-781022, Assam.**
**Contact No.(0361-2228181) Mo.8822461275,7086055402**

**નકલ સવિનય રવાનાઃ–**

- **મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા સારૂ..**